<table>
<tr><td>કેસ રજૂ તા.</td><td colspan="3">૨૮/૦૬/૨૦૨૨</td></tr>
<tr><td>કેસ નોંધ્યા તા.</td><td colspan="3">૨૮/૦૬/૨૦૨૨</td></tr>
<tr><td>કેસ ફેંસલ તા.</td><td colspan="3">૨૭/૦૭/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">અવધિ.</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૪</td><td>૦૦</td><td>૨૯</td></tr>
</table>

## ફોર્મ–એ

### અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. તળાજા.

(ચુકાદો આપ્યા તારીખ–૨૭/૭/૨૦૨૬)

**(ફોજદારી કેસ નં.–૧૪૮૮/૨૦૨૨)**

(આંક–૭૧)

**(ધિ પ્રોહિ. એક્ટની કલમ–૬૫એઇ, ૧૧૬બી તથા ૮૧ મુજબ)**

| | |
|---|---|
| ફરીયાદી. | શ્રી સરકાર. |
| ફરીયાદ પક્ષ તરફે. | વિ. એ.પી.પી.શ્રી એફ.એમ.શેખ. |
| આરોપીઓ. | (૧) રવિરાજસિંહ ઉર્ફે પીન્ટુભાઇ પ્રવિણસિંહ સરવૈયા.<br>રહે. નવા સાંગાણા, તા.તળાજા, જિ.ભાવનગર.<br>(૨) હર્ષદ દેવાભાઇ ઉર્ફે જીવાભાઇ ગોહિલ.<br>રહે. રામાપીરની મઢી પાસે, કુંઢેલી, તા.તળાજા, જિ.ભાવનગર.<br>(૩) હરપાલસિંહ જીતેન્દ્રસિંહ ગોહિલ.<br>રહે. પ્લોટ નં.–પી/૩૦૧, ગોકુળધામ સોસાયટી, ટોપ–થ્રી સર્કલ પાસે, ભાવનગર. મુળ રહે. ધારડી, તા.તળાજા, જિ.ભાવનગર. |
| આરોપી પક્ષ તરફે. | વિ.વ.શ્રી એચ.એચ.ત્રિવેદી. |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ. | તા.૦૪/૦૧/૨૦૨૨. |
| ફરીયાદ રજુ થયા તારીખ. | તા.૦૪/૦૧/૨૦૨૨. |
| ચાર્જશીટની તારીખ. | તા.૦૯/૦૩/૨૦૨૨. |
| તહોમતનામુ ઘડયાની તારીખ. | તા.૦૩/૦૮/૨૦૨૨. |
| પુરાવો લેવાનું ચાલુ કર્યાની તારીખ. | તા.૨૫/૦૮/૨૦૨૨. |

| | |
|---|---|
| જજમેન્ટ આપવાની નક્કી કરેલ તારીખ. | તા.૨૭/૦૭/૨૦૨૬. |
| જજમેન્ટ આપ્યા તારીખ. | તા.૨૭/૦૭/૨૦૨૬. |
| સજાનો હુકમ કર્યાની તારીખ(જો હોય તો). | --- |

## આરોપીની વિગતો

| આરોપીની સંખ્યા | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર મુક્ત કર્યાની તારીખ | ગુનાઓના આરોપસર | સજા/ નિર્દોષ | ફરમાવેલ સજા | કેદમાં રહેલ મુદતનો સમય ક્રિ.પ્રો. કોડની કલમ-૪૨૮ના હેતુસર. |
|---|---|---|---|---|---|---|---|
| ત્રણ. | ફોર્મ-એ મુજબ. | ૫/૧/૨૨, ૧/૩/૨૨ | ૬/૧/૨૨, ૨/૩/૨૨ | ધિ પ્રોહિ. એક્ટની કલમ-૬૫એઇ, ૧૧૬બી તથા ૮૧ મુજબ. | નિર્દોષ | --- | --- |

## ફોર્મ-સી

## એ-ફરીયાદ પક્ષના સાક્ષી :-

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | પંચસાહેદ રાજુભાઇ લાખાભાઇ વાઘેલા. | જુબાની | ૦૯ |
| ૨ | પંચસાહેદ વિક્રમભાઇ બાબુભાઇ પરમાર. | જુબાની | ૧૧ |
| ૩ | હે.કો. અરવિંદભાઇ ધરમશીભાઇ બારૈયા. | જુબાની | ૧૭ |
| ૪ | હે.કો. જયદાનભાઇ અજુભાઇ લાંગાવદરા. | જુબાની | ૧૮ |
| ૫ | ત.ક.અ. હે.કો. રાજપાલસિંહ મેરૂભા સરવૈયા. | જુબાની | ૫૧ |
| ૬ | ફરીયાદી પો.કો. બિજલભાઇ ભગવાનભાઇ કરમટીયા. | જુબાની | ૫૩ |
| ૭ | પી.એસ.ઓ. હે.કો. રાજુભાઇ ભીમાભાઇ રાઠોડ. | જુબાની | ૬૦ |

## બી-આરોપી પક્ષના સાક્ષી :-

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| – | – | – | – |

**<u>સી–કોર્ટ તરફેના સાક્ષી :–</u>**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**<u>એ–ફરીયાદ પક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજો :–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પ્રોહિ. રેઈડનું પંચનામુ. | ૧૦ |
| ૨ | ફરીયાદ. | ૫૪ |
| ૩ | તપાસની યાદી. | ૬૧ |
| ૪ | સ્ટે.ડાયરીનો ઉતારો. | ૬૨ |

**<u>બી–આરોપી પક્ષે આંકે પાડેલ દસ્તાવેજો :–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>સી–કોર્ટ તરફે આંકે પાડેલ દસ્તાવેજો :–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>ડી–મહત્વની વસ્તુઓ :–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>–: ચુકાદો :–</u>**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં.–૧ તથા ૨ નાએ ગઈ તા.૪/૧/૨૦૨૨ ના રોજ કલાક:૨/૦૦ વાગ્યે, આરોપી નં.–૧ના કબજા–ભોગવટાની વોરાની વાડી તરીકે ઓળખાતી તળાજા તાલુકાના નવા સાંગાણા ગામની વાડીએ, એકબીજાના મેળાપીપણામાં ગેરકાયદેસર રીતે, વગર પાસ–પરમીટે, ભારતીય બનાવટના વિદેશી દારૂની પેટી નંગ–૮માં કાચની કંપની સીલપેક બોટલ કુલ નંગ–૯૪, કિંમત રૂ.૩૫,૨૫૦/–નો મુદ્દામાલ રાખી, સદર ઈંગ્લીશ દારૂનો જથ્થો આરોપી નં.–૩ નાએ બન્ને આરોપીઓને વેચાણ કરેલ હોઈ, ફરીયાદીએ ધિ

પ્રોહિ. એક્ટની કલમ–૬૫એઇ, ૧૧૬બી તથા ૮૧ મુજબની ફરીયાદ આપેલ. જે સબબ પો.સ્ટે. દ્વારા ફરીયાદ નોંધી, તપાસના અંતે, પોલીસે આરોપીઓ વિરૂદ્ધ હાલનું આંક–૧ વાળુ ચાર્જશીટ દાખલ કરેલ.

(૨) આ કામે અન્ય આરોપીઓને સમન્સની બજવણી થતા, તેઓ અત્રેની અદાલતમાં હાજર થયેલ જેથી, આરોપીઓને ચાર્જશીટની પેપર–નકલ આપીને આરોપીઓ વિરૂદ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૦ મુજબ આંક–૪ થી તહોમતનામુ ઘડવામાં આવેલ તથા પ્લી રેકર્ડ કરવામાં આવેલ. આ કામે આરોપીઓની અનુક્રમે આંક–૫ થી આંક–૭ સુધીમાં પ્લી રેકર્ડ કરતા, તેમણે ગુનો કર્યાનો ઇન્કાર કરી, ઇન્સાફી કાર્યવાહીની માંગણી કરતા, ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ.

(૩) આરોપીઓ પોતાની સામેના ગુનાની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગતા હોઇ, ફરીયાદ પક્ષને પોતાનો પુરાવો રજુ કરવા જણાવવામાં આવતા, ફરીયાદ પક્ષ દ્વારા પોતાનો કેસ સાબિત કરવા માટે ઉપર દર્શાવેલ **ફોર્મ–સી, કૌષ્ટક–એ** મુજબનો પુરાવો રજુ થયેલ છે.

(૪) ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થતા, રેકર્ડ પર આવેલ પુરાવા સંદર્ભે આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીઓએ તેમની સામે પડેલ પુરાવાનો ઇન્કાર કરી, તેઓ તેમના કુટુંબના જવાબદાર વ્યકિત છે અને સમગ્ર કુટુંબની જવાબદારી તેમના ઉપર હોઇ, હાલના ગુના વિશે તેઓ કશુ જાણતા ન હોઈ, સદર ગુનામાં તેઓને ખોટી રીતે સંડોવી દીધેલ હોવાથી તેમના ઉપર દયા–રહેમ રાખી, સદર ગુનામાંથી તેઓને છોડી મૂકવા અરજ ગુજારેલ છે.

(૫) હાલના કામે ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ, આરોપી તરફે પોતાના બચાવમાં ઉપર દર્શાવેલ **ફોર્મ–સી, કૌષ્ટક–બી** મુજબનો કોઇ પુરાવો રજુ થયેલ નથી કે, કોઇ સાક્ષી તપાસેલ નથી.

(૬) ફરિયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી એફ.એમ.શેખ તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી એચ.એચ.ત્રિવેદીની મૌખિક દલીલો સાંભળવામાં આવી.

આ કામે ફરીયાદ પક્ષે મૌખિક દલીલો કરેલ છે, જેમાં વિ. એ.પી.પી.શ્રીએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, ફક્ત પંચસાહેદો ફરીયાદ

પક્ષના કેસને સમર્થન આપતા ના હોવાના કારણોસર ફરીયાદ પક્ષનો કેસ નકારી શકાય નહીં. આરોપી સામેનો કેસ ફરીયાદ પક્ષ દ્વારા સાબિત કરવામાં આવેલ હોઇ, આરોપીઓને મહત્તમ સજા કરવી જોઇએ.

આરોપીના વિ.વ.શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે, જે પંચોની હાજરીમાં ફરીયાદ પક્ષ દ્વારા મુદ્દામાલ કબજે કરેલ હોવાનો ફરીયાદ પક્ષનો કેસ છે, તે પંચોએ ફકત તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાની અને પંચનામાની હકીકતે તેઓ કાંઇ જાણતા નહીં હોવાની હકીકત જણાવેલ હોય ત્યારે, સમગ્ર રેઇડ શંકાસ્પદ બને છે. વધુમાં, આ કામે પંચોની જુબાની ધ્યાને લેતા, આરોપીના સભાન કબજામાંથી સદરહુ પ્રોહિ. મુદ્દામાલ મળી આવેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. જેથી, આ કામના આરોપીઓને શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી, છોડી મૂકવા રજુઆત કરેલ છે.

**(૭)** સદર કેસની ઉપરોક્ત હકીકતો અને સંજોગો, રેકર્ડ પર રજુ થયેલ પુરાવો, સંલગ્ન કાયદાની જોગવાઇઓ તેમજ ઉભય પક્ષની રજુઆતો ધ્યાને લેતા, હાલના કેસના ન્યાયિક-નિરાકરણ માટે અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં.-૧ તથા ૨ નાએ બનાવ સમયે, આરોપી નં.-૧ના કબજા-ભોગવટાની વોરાની વાડી તરીકે ઓળખાતી તળાજા તાલુકાના નવા સાંગાણા ગામની વાડીએ, એકબીજાના મેળાપીપણામાં ગેરકાયદેસર રીતે, વગર પાસ-પરમીટે, ભારતીય બનાવટના વિદેશી દારૂની પેટી નંગ-૮માં કાચની કંપની સીલપેક બોટલ કુલ નંગ-૯૪, કિંમત રૂ.૩૫,૨૫૦/-નો મુદ્દામાલ રાખી, સદર ઇંગ્લીશ દારૂનો જથ્થો આરોપી નં.-૩ નાએ બન્ને આરોપીઓને વેચાણ કરી, ધિ પ્રોહિ. એક્ટની કલમ-૬૫એઇ, ૧૧૬બી તથા ૮૧ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોક્ત મુદ્દા પરત્વેના નિર્ણયો કારણોસહિત નીચે મુજબ છે.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>–: કારણો :–</u>**

**<u>મુદ્દા નંબર–૧ :–</u>**

(૯) આ કામે ફરીયાદપક્ષે પોતાની ફરીયાદ પુરવાર કરવા વિસ્તૃત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. જે પુરાવાનુ વિવરણ અત્રે નીચે મુજબ કરેલ છે.

(૯.૧) આ કામે ફરીયાદ પક્ષ દ્વારા આંક–૯ થી પંચસાહેદ રાજુભાઇ લાખાભાઇ વાઘેલા તથા આંક–૧૧ થી બીજા પંચસાહેદ વિક્રમભાઇ બાબુભાઇ પરમારને સોગંદ ઉપર તપાસેલા છે. આંક–૧૦ થી પ્રોહિ. રેઇડનું પંચનામુ રજુ છે. સદર બન્ને પંચોનો પુરાવો એકસાથે વંચાણે લેતા, તેઓ સ્પષ્ટ જણાવે છે કે, તેમણે તૈયાર પંચનામામાં સહી કર્યા સિવાય, તેઓને કાંઇ ખબર નથી તેમજ આ સિવાય પણ સંખ્યાબંધ વખત પોલીસે તેમની આ રીતે તૈયાર કાગળોમાં સહીઓ લીધેલ છે. આ સંજોગોમાં, ફરીયાદ પક્ષે સદર પંચોને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં, આંક–૧૦ થી રજુ પંચનામાની મહત્વની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા નથી.

(૯.૨) સદર કામે આંક–૧૭ થી હે.કો. અરવિંદભાઇ ધરમશીભાઇ બારૈયા, આંક–૧૮ થી હે.કો. જયદાનભાઇ અજુભાઇ લાંગાવદરા, આંક–૫૧ થી ત.ક.અ. હે.કો. રાજપાલસિંહ મેરૂભા સરવૈયા, આંક–૫૩ થી ફરીયાદી પો.કો. બિજલભાઇ ભગવાનભાઇ કરમટીયા તેમજ આંક–૬૦ થી પી.એસ.ઓ. હે.કો. રાજુભાઇ ભીમાભાઇ રાઠોડને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આંક–૫૪ થી ફરીયાદ, આંક–૬૧ થી તપાસની યાદી તેમજ આંક–૬૨ થી સ્ટે.ડાયરીનો ઉતારો રજુ છે. સદર તમામ પોલીસ સાહેદોનો પુરાવો એકસાથે વંચાણે લેવામાં આવે તો, તેઓ સોગંદ પરની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરે છે, જે સ્વાભાવિક છે. જ્યારે, સદર પોલીસ સાહેદોની આરોપી તરફેની ઉલટતપાસનું વિહંગાવલોકન કરવામાં આવે તો, તેઓ એવી હકીકતો સ્પષ્ટપણે સ્વીકારે છે કે, ફરીયાદમાં પંચોના

નામનો ઉલ્લેખ કરેલ નથી અને હાલના કેસના સાહેદો પોલીસ કર્મચારી છે તેમજ તેઓને જે ફરીયાદ મળેલી, તેની રજિસ્ટરે નોંધ કરી, આગળની તપાસ ત.ક.અ.ને સોંપ્યા તથા મુદ્દામાલ પાવતી ફાડયા સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

આમ, ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતા, આ કામે પંચો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી તેમજ આ કામે તટસ્થ સાહેદોના નિવેદનો સરળતાથી મળી શકે તેમ હોવા છતાં, તપાસના કામે નોંધવામાં આવેલ નથી, જે બાબત શંકાસ્પદ છે. તેવા સંજોગોમાં, તટસ્થ સાહેદોના પુરાવાના અભાવે ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન મળતુ નથી.

**(૧૦)** આ કામે ફરીયાદ પક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવાને ધ્યાને લેતા, એ હકીકત સ્પષ્ટ થાય છે કે, આરોપીના સભાન કબજામાંથી પ્રતિબંધિત પ્રોહિ. મુદ્દામાલ મળી આવેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. આ કામે જે પોલીસ સાહેદો તપાસવામાં આવેલ છે, તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ છે, પરંતુ સદર પોલીસ સાહેદો છે, તે હિત ધરાવનાર સાહેદો છે. તે સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદો તપાસવામાં આવેલ નથી તેમજ પંચો પંચનામાની હકીકતોને સમર્થન કરતા નથી અને તેથી, કહેવાતો પ્રોહિ. મુદ્દામાલ આરોપીના સભાન કબજા (Conscious Possesion) માંથી મળી આવ્યાની હકીકત પુરવાર થતી નથી.

**(૧૧)** કાયદાનો પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, આરોપી વિરૂદ્ધનો કેસ પુરવાર ના થાય ત્યાં સુધી તે નિર્દોષ હોવાનું અનુમાન કરવામાં આવે છે અને ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર રહીને (Beyond reasonable doubt) પુરવાર કરવો પડે. હાલના કામે તપાસ કરનાર સંસ્થા દ્વારા કરવામાં આવેલ તપાસ એકતરફી તથા અન્વેષણના પ્રસ્થાપિત સિદ્ધાંત વિરૂદ્ધની અને આરોપી પ્રત્યે પુર્વગ્રહ ઉપજાવનારી હોઈ, ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં, **''મેઘાસિંહ વિ. સ્ટેટ ઓફ હરિયાણા, એ.આઈ.આર., ૧૯૯૫, સુપ્રીમ કોર્ટ, ૨૩૩૯''**માં ઠરાવેલ સિદ્ધાંત માનસહ વંચાણે લેતા, સદર કેસમાં નામ. સુપ્રીમ કોર્ટે નોંધેલ છે કે, <u>સ્વતંત્ર સાહેદોના અભાવમાં ફરીયાદ પક્ષના કેસની વિશ્વસનિયતા ઘટે છે</u>.

સદર કેસમાં નામ. સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે કે, ફરીયાદની કાર્યવાહીમાં જે અધિકારી સામેલ હોય, તેણે ગુનાની તપાસ ન કરવી જોઇએ તથા **''સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઇ એસ.પટેલ, ૨૦૧૧–૨૬, જી.એચ.જે.–૧''**ના ચુકાદાને પણ માનસહ વંચાણે લેતા, નામ. ગુજરાત હાઇકોર્ટે આ ચુકાદામાં સ્પષ્ટ કરેલ છે કે જ્યારે પંચો, સાક્ષીઓ હોસ્ટાઇલ જાહેર થાય ત્યારે, માત્ર ફરીયાદીની જુબાની પરથી આરોપીને તકસીરવાન ઠરાવવા ન્યાયોચિત નથી. આમ, હાલના કેસમાં ત.ક.અ. દ્વારા જે તપાસ કરવામાં આવેલ છે, તે યોગ્ય રીતે થયેલ હોય તેવુ જણાઇ આવતુ નથી અને તે હકીકત આરોપી વિરૂદ્ધનો કેસ પુરવાર કરવા માટે આરોપી વિરૂદ્ધ પુર્વગ્રહ ઉત્પન્ન કરે છે.

આ સબબ નામદાર સુપ્રીમ કોર્ટે **''મનુ શર્મા વિરૂદ્ધ સ્ટેટ (NCT of Delhi), ૨૦૧૦(૬), એસ.સી.સી., ૧''** માં નીચે મુજબનો અભિગમ નોંધેલ છે.

''197. In the Indian criminal jurisprudence the accused is placed in a somewhat advantageous position then under different jurisprudence of some of the countries in the world. The criminal justice administration system in India places human rights and dignity for human life at a much higher pedestal. In our jurisprudence an accused is presumed to be innocent till proved guilty, the alleged accused is entitled to fairness and true investigation and fair trial and the prosecutions is expected to play balanced role in the trial of a crime. The investigation should be judicious, fair, transparent and expeditious to ensure compliance with the basic rule of law. These are the fundamental canons of our criminal jurisprudence and they are quite in conformity with the constitutional mandate contaimed in Article- 20 and 21 of the Constitution of India.''

આમ, ઉપરોક્ત તમામ ચર્ચા, કેસની હકીકત, રજુ થયેલ પુરાવો તથા કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો અને નામદાર ગુજરાત હાઇકોર્ટ અને નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લેતા, અત્રેની કોર્ટનું સ્પષ્ટ માનવુ છે કે આ કામે આરોપી વિરૂદ્ધનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ રહેલ છે. આરોપીએ કહેવાતો ગુનો કરેલ હોવાની

હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી. જેથી હાલના કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવવા ન્યાયોચિત જણાતુ ન હોય, શંકાનો લાભ આપી, છોડી મૂકવા જોઈએ. સબબ **મુદ્દા નંબર–૧ નો નિર્ણય "નકારમાં"** ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર–૨ :–</u>**

**(૧૨)** આ કામે મુદ્દા નંબર–૧ ના પરિણામસ્વરૂપ ફરીયાદ પક્ષ પોતાનો કેસ શંકાથી પર રહીને સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોઇ, મુદ્દા નંબર–૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: આખરી હુકમ :–</u>**

(૧) આ કામના તમામ આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે, ધિ પ્રોહિ. એક્ટની કલમ–૬૫એઇ, ૧૧૬બી તથા ૮૧ મુજબના શિક્ષા પાત્ર ગુના સબબ શંકાનો લાભ આપી, છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતી મુજબના પ્રોહિ. મુદ્દામાલ દારૂનો અપીલ સમય વીત્યે, નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓએ અગાઉ ટ્રાયલના કામે આપેલ જામીન ક્રિ.પ્રો.કોડની સુધારેલી કલમ–૪૩૭(એ) અન્વયે, અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ :–તળાજા.
તા.૨૭/૭/૨૦૨૬.

(પ્રદિપકુમાર બંસીલાલ સોની)
અધિક ચીફ જ્યુડિ.મેજિ.–તળાજા.
(કોડ નં.–જી.જે.૦૧૩૪૭).

એચ.બી.જોષી.